# <u>FORM–A</u>

## THE COURT OF THE SESSIONS JUDGE, GIR SOMNATH, AT–VERAVAL

(**Date of Judgment** – 08.08.2026

**Sessions Case No.**14.2024

**Prabhas Patan Police Station Cr. No. First–** 131/2013,
**Section**– 295, 429, 120(**b**) **of IPC** & **Section** – 5 (1) (**A**), 6 (**B**), 8 (2)(4),10 **of The Gujarat Animal Prevention (Amendment) Act,** 2011 & **Section**–11 **F.H. L of The Prevention of Cruelty of Animal Act,** 1960

| | |
|---|---|
| COMPLAINANT | શ્રી સરકાર |
| REPRESNTED BY | વિ. એડી. પી. પી. શ્રી જે.ડી. પાઠક |
| ACCUSED | **રહેમાન ઉર્ફે ફાસી અલીભાઇ ગોરી તુરક** |
| REPRESNTED BY | **વિ. વ. શ્રી એમ. જી. પરમાર** |

## FORM–B

| | |
|---|---|
| Date of offence | 29.12.2013 |
| Date of FIR | 30.12.2013 |
| Date of Chargesheet | 01.08.2018 |
| Date of Framing of Charges | 17.09.2018 & 28.06.2024 |
| Date of Commencement of evidence | 20.06.2019 |

| | |
|---|---|
| Date on Which Judgment is reserved | 08.08.2026 |
| Date of the Judgment | 08.08.2026 |
| Date of the Sentencing Order, if any | - |

**Accused Details**

| No | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offences charged with | whether Acquitted or convicted | sentence imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428 Cr. P. C |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Raheman @ Fasi Alibhai Gori | 02.09.16 | 04.09.16 | THE GUJARAT ANIMAL PRESERVATION (AMENDMENT) ACT, 2011 section 5 Etc | Acquitted | As per final order | 02.09.16 to 04.06.16 |

---

---

**FORM-C**

**LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES**

**A. PROSECUTION**

---

| સાહેદ નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૭ | વિજયકુમાર મનસુખભાઈ દવે | ફરીયાદી |
| ૨ | ૧૯ | ભાવેશભાઈ પુનાભાઈ વાળા | પંચ સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૨૧ | ચંદુભાઇ નારણભાઇ વાળા | પંચ સાહેદ |
| ૪ | ૨૮ | મનીષકુમાર હસમુખરાય ઠાકર | પોલીસ સાહેદ |
| ૫ | ૨૯ | ડો. કેશુરભાઇ હીરાભાઇ કચોટ | વેટરનરી ઓફીસર |
| ૬ | ૪૦ | વી. એમ. દવે | પોલીસ સાહેદ |
| ૭ | ૪૧ | માધવજીભાઇ હીરાભાઇ રાઠોડ | પોલીસ સાહેદ |

**B. DEFENCE WITNESS, IF ANY:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| – | – | – |

**C. DEFENCE WITNESS, IF ANY:**

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| – | – | – |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**
**A. PROSECUTION**

| અ. નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૮ |
| ૨ | રેઇડ પંચનામુ | ૯ |
| ૩ | પકડાયેલ ગૌમાંસનો જથ્થો નાશ કર્યાનુ પંચનામુ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૪ | આરોપીઓના અટક પંચનામા | ૧૧ થી ૧૨ |
| ૫ | ઈન્કવેસ્ટ પંનનામુ | ૧૩ |
| ૬ | મરણજનાર પશુનુ પી. એમ. કર્યાનુ પંચનામુ | ૧૪ |
| ૭ | આરોપીઓનુ અટક પંચનામુ | ૧૫ થી ૧૮ |
| ૮ | ઈન્કવેસ્ટ પંચનામુ | ૨૨ |
| ૯ | પ્રાથમીક પરીક્ષણ કરવા માટેની યાદી | ૩૦ |
| ૧૦ | તપાસણી અહેવાલ | ૩૧ |
| ૧૧ | સેમ્પલ રીપોર્ટ સાથે કરેલ યાદી | ૩૨ |
| ૧૨ | દશ પશુઓને સારવાર કરી સર્ટીફીકેટ આપવા અને પશુ જીવ પાંજરાપોળ ખાતે સાર સંભાળ માટે મોકલાયાની યાદી | ૩૩ |
| ૧૩ | સારવાર રીપોર્ટની સ્થળપ્રત | ૩૪ |
| ૧૪ | ફોરવર્ડીંગ લેટર | ૩૫ |
| ૧૫ | પી. એમ. રીપોર્ટ | ૩૬ થી ૩૭ |

## B. Defence :

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| – | – | – |

## C. Court Exhibits :

| **Sr. No.** | **Exhibit Number** | **Description** |
|---|---|---|
| – | – | – |

| GJGS010002592024 | દાખલ તારીખ : ૧૩.૦૩.૨૦૨૪<br>નોંધ્યા તારીખ : ૧૩.૦૩.૨૦૨૪<br>નિર્ણય તારીખ : ૦૮.૦૮.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૨, માસ–૦૪, દિવસ–૨૬ |
|---|---|

## ગીર સોમનાથ જિલ્લાના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ

------------------------------------

**સેશન્સ કેસ નં.૧૦/૨૦૨૪**

**આંક–**

**શ્રી સરકાર**

**.... ફરીયાદપક્ષ**

**વિરૂદ્ધ**

**રહેમાન ઉર્ફે ફાસી અલીભાઇ ગોરી તુરક,**

રહે. વેરાવળ, ઠે. તુરક ચોરા, ગોરીવાડા.

**.... આરોપી**

------------------------------------

ફરીયાદપક્ષ તરફે વિ. એડી. પી. પી. શ્રી જે. ડી. પાઠક

આરોપીઓ તરફે વિ. વ. શ્રી એમ. જી. પરમાર

------------------------------------

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના ઉપરોકત નામ જણાવેલ આરોપી વિરૂઘ્ધ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાંના ગુના રજી.નં. ફર્સ્ટ–૧૩૧/૨૦૧૩ થી ઇ. પી. કોડની કલમ–૨૯૫, ૪૨૯, ૧૨૦(બી) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૧) ની કલમ–૫ (૧) (ક), ૬(ખ), ૮(૨)(૪),૧૦ તથા પશુ કુરતા નિવારણ

અધિનિયમની કલમ-૧૧ (એફ)(એચ)(એલ) મુજબના ગુનાઓ નોંધાયેલા.

(૨) **<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે :-</u>**

આ કામના ફરીયાદી શ્રી વી. એમ. દવે, પો. સ. ઈ. પ્રભાસ પાટણવાળાએ આપેલ ફરીયાદ મુજબ બનાવના દિવસે તેઓ પો.સ્ટે. ખાતે હાજર હતા દરમ્યાન તેમના બાતમીદાર ધ્વારા હકિકત મળેલ કે સીડોકર ગામની કાદાના પા નામની સીમમાં ઇસ્માઇલ ઉર્ફે કાલિયો રહેમાનભાઇ કેસૂર તથા તેનો દિકરો રફીક ઇસ્માઇલ, રહે-સીડોકરવાળા ગે.કા. ગૌવંશ પશુઓના જીવની કતલ કરે છે તેવી હકિકત મળતા પોલીસ સ્ટાફ તથા બે તટસ્થ પંચોના માણસોને બોલાવી ઉપરોકત બાતમીની સમજ આપી ક.૨૦/૩૦ થી ક.૨૦/૪૦ સુધીનુ પ્રાથમિક પંચનામુ કરી બાતમી વાળી જગ્યાએ રેઇડમાં જવા રવાના થઇ પ્ર.પાટણ પો.સ્ટે.થી ગુડલક સર્કલ, સફારી સીમ વિસ્તારમા શબીરશા બાનવાના મકાનની સામે પડતર જગ્યામા બે ઇસમો પશુઓના માંસ તથા કપાયેલા માથાની હેરફેર કરતા જોવામા આવતા તુરત જ તેઓની નજીક દોડી જતા મજકૂર બંને ઇસમો દોડી અને ભાગેલ જેથી તેની પાછળ તેઓ તેમને પકડવા દોડેલ પરંતુ આડા અવળા થઇ બંને ઇસમો અંધારાનો લાભ લઇ ભાગી ગયેલા અને પકડાયેલ નહી અને આ ભાગી જનાર ઇસમો (૧) ઇસ્માઇલ ઉર્ફે કાલિયો રહેમાનભાઇ કેસૂર તથા (૨) તેનો દિકરો રફીક ઇસ્માઇલ, રહે-સીડોકરવાળા હોવાનુ સાથેના પો.હેડ કોન્સ. માધવજીભાઇ તથા પો.કોન્સ. નંદલાલભાઇએ ઓળખી બતાવેલ અને મજકુર જે જગ્યાએથી ભાગેલ તે જગ્યાએ પંચો રૂબરૂ જોતા એક બ્લુ કલરની તાલપત્રીમા કપાયેલ પશૂઓના માંસ સાથેના હાડપિંજર પડેલ અને તેની બાજુમા કપાયેલ પશુ જીવ ૮ ના જુદા જુદા માંસવાળા તથા નાનમોટા શીંગડા કુલ - ૧૪ તથા પગની ખરીઓ કુલ ૧૮ પડેલ છે અને બાજુમા લોહીના ખાબોચીયા ભરેલ

જોવામા આવેલ છે તથા લોહીવાળી ભીની માટી હતી અને સદર જગ્યાએ કુલ ૯ પશુઓની કતલ થયેલ અને કતલ કરવામા ઉપયોગમા લીધેલ સાધનો કુહાડા–કુહાડી, છરી વિગેરે હોય જેથી સદરહુ જગ્યાએ પશુની કતલ થયેલ હોય જેથી આ અંગે પશુ ચિકિત્યક શ્રી ને બોલાવતા પશુચિકિત્યક શ્રી કે.વી.કચોટ તથા આર.બી.સોલંકી સ્થળ ઉપર આવતા અને સદરહુ પશુ કતલ તથા માંસ અંગે પુછતા સદરહુ જગ્યાએ મળી આવેલ માંસ કેટલમીટ(ગાયવર્ગ) નુ બંને પશુ ડોકટરે જણાવેલ, જેથી સદરહુ જમીન ઉપર પડેલ અવશેષોમાં જોતા કપાયેલ પશુજીવ–૯ ગાય વર્ગનુ માંસ હાડપીંજર સાથે તથા કપાયેલ માથા અને હાડકા સાથે વજન આશરે–૨૦૦0/– કિલો,કિ.રૂ.૦૦/૦૦ ગણી એફ.એસ.એલ. તપાસણી માટે જે તે સ્થિતીમાં પોલીસ નિગરાની હેઠળ રહેવા દીધેલ અને ગૌવંશના પશુની ચામડી નંગ–૧ ની કુલ કિ.રૂ.૨૦૦/– ગણી સાચવણી અર્થે સેનેટરી ઇન્સ.ને સોંપવા તજવીજ કરેલી તેમજ સદરહુ પશુજીવની કતલ કરવામા ઉપયોગમા લીધેલ કુહાડી હાથા સાથે નંગ–૪,કિ.રૂ.૨૦ તથા કુહાડા નંગ –૧,કિ.રૂ.૧૦ અને છરી નંગ–૬,કુલ કિ. રૂ.૩૦/– તથા લોહીથી ખરડાયેલી તાલપત્રી કિ.રૂ.૦૦/૦૦ ગણી તથા જીવતા પશુજીવ બળદ કુલ–૧૦,જેને ક્રૂરતા રીતે ખોરાક પાણી આપ્યા વગર કતલ કરવાના ઈરાદે બાંધેલ હોય જે બળદ જીવ–૧૦ : એકની કિ.રૂ.૧૦૦૦/– ગણી તમામ બળદજીવની કિ.રૂ.૧૦,૦૦૦/– ગણી યોગ્ય સારસંભાળ માટે પાંજરાપોળમાં મોકલવા હવાલે લીધેલ છે તથા તમામ જીવતા પશુજીવબળદને બાંધેલ દોરડા નંગ–૧૦ કિ.રૂ.૦૦/૦૦ ની ગણી પંચનામાની વિગતે તપાસ અર્થે કબ્જે કરેલ જે બાબતેનુ ક.૨૧/૩૦ થી ક.૨૩/૩૦ સુધીનુ બીજા ભાગનુ પંચનામું કરી, આરોપીઓ વિરૂધ્ધ ધોરણસર થવા ફરીયાદ આપેલ.

(૩) ઉપર મુજબની ફરીયાદ આ કામના ફરીયાદીએ પ્રભાસ પાટણ પો.સ્ટે.મા આપતાં, તે ફરીયાદના આધારે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાંના ગુના રજી.નં.–ફર્સ્ટ–૧૩૧/૨૦૧૩ થી ઇ. પી. કોડની કલમ–૨૯૫, ૪૨૯, ૧૨૦(બી) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૧) ની કલમ–૫ (૧) (ક), ૬(ખ), ૮(૨)(૪),૧૦ તથા પશુ ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ–૧૧ (એફ)(એચ)(એલ) મુજબનો ગુનો રજીસ્ટર કરેલો, સ્ટેશન ડાયરીમાં તે અંગેની નોંધ કરેલી અને આ ગુનાની આગળની તપાસ ત. ક. અધિકારીને સોંપતા, તેઓએ તપાસ સંભાળી, સાધનીક કાગળોનો અભ્યાસ કરી,સાહેદોના નિવેદનો નોંધી, આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા વેરાવળના વિ. એડી. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં ચાર્જશીટ ફાઇલ કરેલ, જેને ફોજદારી કેસ નં. ૫૬૫/૨૦૧૮ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૪) ત્યારબાદ વેરાવળના વિ. એડી. ચીફ જયુડી.મેજી. શ્રીએ આરોપીને સમન્સ કરતાં, આરોપી તેમના વિ. વકીલ શ્રી મારફતે હાજર થયેલા. ત્યારબાદ આરોપીને ધી કી.પ્રો.કો.ની કલમ ૨૦૮ ને અનુસરીને તપાસના કાગળોની નકલો પુરી, આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, આ તહોમતનામુ આરોપીને વાંચી, સંભળાવી, સમજાવતા તેઓને ગુનો કબુલ કર્યાનો ઈનકાર કરતા તેઓનો વિગતવારનો જવાબ નોંધી લેવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ છે. તે પછી ટ્રાયલ કોર્ટ દ્ધારા કેસનો પુરાવો નોંધવાની કાર્યવાહી ચાલુ હતી, તે દરમ્યાન સદરહુ કેસ સેશન્સ ટ્રાયેબલ હોવાનું જણાતા,વિ. એડી. ચીફ જયુડી. મેજી.શ્રી વેરાવળનાઓએ ધી કી.પ્રો. કો.ની કલમ ૩૨૩ ના પ્રાવધાનોને અનુસરીને તે કેસોમાં વિગતવારનો હુકમ કરી, કેસ સેશન્સ કમીટ કરતો હુકમ કરેલો.

(૫) સદરહુ કેસ કમીટ થઈ આવતાં, મારા પુરોગામિ ન્યાયાધીશશ્રીએ આરોપીને સમન્સ કરતાં, આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થતાં, તેમના વિરૂધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ગુના સબબ ક્રિ. પ્રો.કોડની કલમ–૨૨૮ અન્વયે તહોમતનામું ફરમાવી, આ તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવ્યા બાદ આરોપીનું નિવેદન લેતાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલો. ત્યારબાદ આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ આરોપી તરફે ફો. કે. નં. ૫૬૫/૨૦૧૮ ના કામે ટ્રાયલ કોર્ટમાં ફરીયાદપક્ષે જે કંઇ પુરાવો રજૂ કરેલ છે, તે પુરાવા તેઓ એડોપ્ટ કરતા હોવાની પુરસીસ આપતા, તે અરજી લગત વિગતવારનો હુકમ કરીને ટ્રાયલ કોર્ટમાં ફો. કે. નં. ૫૬૫/૨૦૧૮ ના કામે જે કંઇ મૌખીક અને દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે, તેને આ કામે નવેસરથી આંક પાડવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પુરાવાના મુળભુત સીધ્ધાંતો તથા ક્રિ.પ્રો.કો.ની જોગવાઈઓને અનુસરતા કેસ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલો છે. ફરીયાદ પક્ષે આ કેસો પુરવાર કરવા માટે **ફોર્મ નં. (સી)** માં જણાવ્યા મુજબ સાક્ષીઓ તપાસેલા છે અને તે પછીના કોષ્ટકમાં જણાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે અને પુરાવાના અંતે ફરીયાદપક્ષે વિધ્વાન એડીપીપીશ્રીએ આંક–૪૨ ની કલોઝીંગ પુરસીસથી પુરાવો પુરો થયાનું જાહેર કરતા આરોપીને તેઓની વિરૂધ્ધ પડેલ પુરાવા અંગે ખુલાસો કરવાની પુરતી તક મળી રહે તે હેતુથી ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ. જેમાં આરોપીએ પોતે તદ્દન નિર્દોષ હોવાનું અને કોઈ ગુનો કરેલ નહી હોવા છતાં તેમની સામે તદ્દન ખોટી ફરીયાદ ઉભી કરવામાં આવેલાનું અને તેઓ નિર્દોષ હોવા છતાં તેમની વિરૂધ્ધ ખોટી ફરીયાદ અન્વયે ખોટા પુરાવા ઉભા કરી ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. આરોપીએ જાતે

સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના કોઈ સાહેદો તપાસેલ નથી.

(૬) ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવો વંચાણે લીધો તથા ફરીયાદી સરકારશ્રી તરફે વિધ્વાન એડી. પી.પી.શ્રી જે. ડી. પાઠકની તથા બચાવપક્ષે આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી એમ. જી. પરમારની સવિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે વિધ્વાન એડી. પીપીશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૧૨/૧૩ ના કલાક ૨૩–૩૦ વાગ્યે સીડોકર ગામે કાદા પા સીમમાં ગેરકાયદેસર ગુનાહીત કાવત્રુ રચી ગેરકાયદેસર રીતે કતલખાનુ ચલાવી ગૌવંશ પુશ જીવ–૯ ની કતલ કરી લોકોની ધામિક લાગણી દુભાવી આશરે ૨૦૦૦/– કીલો માસમટન તથા જીવના અવશેષો તથા ગૌવંશના પશુની ચામડી નંગ–૧ કી.રૂા.૨૦૦/– ગૌવંશના બળદજીવ નંગ–૧૦ કિં. રૂા. ૧૦,૦૦૦/–ના કતલ કરવાના ઈરાદે કુરતા પુર્વક ખોરાક પાણી આપ્યા વગર બાંધી રાખી તથા કુહાડી નંગ–૪ કિં.રૂા.૨૦/– તથા કુહાડા નંગ–૧ કિં.રૂા. ૧૦/– તથા છરી નંગ–૬ કિં.રૂા.૩૦/–તથા લોહીથી ખરાડાયેલી તાલપત્રી કિં.રૂા.૦૦/– નો મુદામાલ સ્થળ ઉપરથી મળી આવતા આ કામના આરોપીએ ઇ.પી.કો કલમ–૨૯૫, ૪૨૯, ૧૨૦(બી) તથા પશુ ધાતકીપણાની કલમ–૧૧ એફ.એચ.એલ તથા પશુ સુધારણા અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫(૧)(ક),૬(ખ), ૮(૨) (૪), ૧૦ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે અને તે સંબંધે ફરીયાદપક્ષ દ્ધારા પોતાનો કેસ પુરવાર કરવા સારૂ જરૂરી દસ્તાવેજી અને મૌખીક પુરાવા રજૂ કરવામાં આવેલ છે અને તે પુરાવાના આધારે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ છે. જેથી આ કામના આરોપીને

કાયદામાં જણાવ્યા મુજબ સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

(૮) જયારે બચાવપક્ષે આરોપી તરફે તેમના વિ. વ. શ્રી એમ. જી. પરમારએ એવી રજુઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્ધારા આરોપી સામેનો કેસ પુરવાર કરવા સારૂ જે કંઈ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે, તે પુરાવાથી આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થયેલ નથી, કારણ કે ફરીયાદપક્ષના પુરાવા ઉપરથી આરોપીની હાલના ગુનાના કામે સીધી સંડોવણી પુરવાર થતી નથી. વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્ધારા પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ નથી, ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખીને આરોપી સામેનો કેસ પુરવાર થયેલો માની શકાય નહી. વધુમા તેઓએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આ કામે પોલીસ દ્ધારા જે પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ હતી, તે પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ નથી, તેથી ફરીયાદપક્ષ પંચનામુ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. ત્યારે આ કામના આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ન હોય, આરોપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૯) રેકર્ડ ઉપરનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો, બંને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીઓએ કરેલ રજુઆતો, કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા કેસના અંતીમ નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–// મુ દ્દા ઓ //–**

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ ની કલમ– ૫(૧)(ક) હેઠળ વ્યાખ્યાચિત પ્રાણીઓનું માંસનુ પોતાના કબજામાં રાખીને કલમ– ૬(ખ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યુ છે ?

**/૨/** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ જાણપૂર્વક અને દુર્ભાવનાપૂર્વક કોઈ વર્ગના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરીને તેમની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના ઈરાદાથી ગુનો કરીને ઇ. પી. કોડની કલમ–૨૯૫(એ)સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ છે ?

**/૩/** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કોઈ કિંમત માટે અથવા રૂ. ૫૦/– કે તેથી વધુ મૂલ્યના પશુ વગેરેને ઈરાદાપૂર્વક અથવા જાણતા જાણતા મારી નાખ્યા અથવા અશક્ત (ઈજા પહોંચાડી) કર્યા છે અને તેમ કરીને ઇ. પી. કોડની કલમ–૪૨૯ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ છે ?

**/૪/** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પ્રાણીઓ સાથે ખોરાક કે પાણીની વ્યવસ્થા કર્યા વગર ક્રૂર વર્તન કર્યું હતું અને તેમને સ્ટ્રિક્નાઇનના ઇન્જેક્શન દ્વારા હૃદયમાં આપી મારી નાખ્યા હતા અથવા કોઈ અન્ય અનાવશ્યક ક્રૂર પદ્ધતિ અપનાવી હતી અને તેમ કરીને પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (એફ) (એચ) (એલ)મુજબનો ગુનો કર્યો છે ?

**/૫/** શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયોના કારણો અને તારણો સાથે નીચે મુજબ છે.

/૧/ નકારમાં

/૨/ નકારમાં

/૩/ નકારમા

/૪/ નકારમા

/૫/ આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

**મુદા નં. ૧ :**

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષ તરફે વિધ્વાન એડી. પી.પી.શ્રીની તેમજ આરોપી તરફેની દલીલો ધ્યાને લેતાં, આ કામના આરોપી વિરુધ્ધ ઇ. પી. કોડની કલમ-૨૯૫, ૪૨૯, ૧૨૦(બી) તથા પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ (સુધારા અધિનિયમ-૨૦૧૧) ની કલમ-૫ (૧) (ક), ૬(ખ), ૮(૨)(૪),૧૦ તથા પશુ ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ-૧૧ (એફ)(એચ)(એલ) અન્વયે શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે, ત્યારે સૌપ્રથમ તો આ ગુના સંબંધેની જોગવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી સામે જે ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તે તહોમતના કાયદામાં ગુજરાત એનીમલ પ્રિઝર્વેશન અધિનિયમ, 1954 ના અમલને વધુ અસરકારક બનાવવા માટે અને વધુ કઠોર બનાવવા માટે  સુધારો કરવામાં આવેલ છે. આ સુધારા દ્વારા પ્રાણીઓની થતી ગેરકાયદેસર હેરાફેરી રોકવા અને આકસ્મિક રીતે વાહનોના ઉપયોગને વધુ અસરકારક રીતે તપાસવા માટે કઠોર સજા અને કડક નીતિ ઘડવામાં આવી. આ માટે કલમ 6(એ) અને 6(બી)માં જરૂરી સુધારો કરવામાં આવ્યો હતો, જેના પરિપૂર્ણ થવા માટે સરકારે વાહન અને/અથવા પરિવહન ઉપકરણને બીફ અને માંસના ઉત્પાદનો પરિવહન કરવામાં ઉપયોગ કરવા માટે જથ્થો કરી પરિસ્થિતિઓ માટે બંધારણ કર્યો. 2011 ના સુધારા હેઠળ પ્રાણીઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું, જેમાં આવા પ્રાણીઓના બલિની માટે સર્ટિફિકેટ આપવાનું પ્રતિબંધિત કરાયું હતું. આ સુધારો 2011 માં કલમ 5(1)(એ) માં ઉમેરો કરીને કરવામાં આવ્યો હતો, ઉપરોક્ત પ્રાણીઓના બલિ માટે સર્ટિફિકેટ આપવાનો પૂર્ણ પ્રતિબંધ હતો. તેમજ, કલમ 6(એ) અને 6(બી) ના ઉલ્લંઘન માટે સજા વધુ કઠોર કરવામાં આવી છે. આ બાબતનો નિર્ણય લેવા માટે, ગુજરાત એનીમલ પ્રિઝર્વેશન અધિનિયમ, 1954 ના સંબંધિત જોગવાઇ 2011 ના સુધારા સાથે નીચે મુજબ આપવામાં આવ્યા છે.

The Acts provides for appointment of competent authority under Section 4, which reads thus;

> **4. Appointment of Competent Authority :**
>
> *The State Government may, by notification in the Official Gazette, appoint a person or a body of persons to perform the functions of a Competent Authority under this Act. For such local area as may be specified in the notification.*

In pursuance to Section 4, the Government of Gujarat issued a Notification dated 8 September, 1982 appointing competent Authority. The Notification is reported herein below:-

**NOTIFICATION**

> *In modification of the notification of the Government of Gujarat in Agriculture, Forests and Co-operation Department vide Notification No. GH-KH-200-SLT-1061/4247/R(2), dated 10th July, 1973 the following notification is issued.*
>
> *In exercise of the powers conferred by Section 4 of the Bombay Animal Preservation Act, 1954 (Bom. LXXII of 1954), the Government of Gujarat hereby appoints each of the Venterinary Officers in charge of a Veterinary Hospital/Dispensary in the Gujarat State to be a competent authority for the local area (within his jurisdiction) provided further that the competent authority i.e. concerned Veterinary Officer before taking decision for issuing certificate required under the Section 5 of the aforesaid Act shall take into consideration the advice tendered by the*

*panel of members of the advisory committee present on the spot if any. The Panel of members of the advisory committee not more than three for each of the regulated slaughter house will be appointed by the Director of Animal Husbandry from time to time.*

*[Noti. No. GHKH-205/82/SLT 1082-PM-1-P(1) dt. 8-10-1982-Guj. Govt. Gaz. Ex. Pt. IV-B dt. 18-10-1982 P. 218].*

Therefore, according to the Notification, the Veterinary Officer in charge of a Veterinary Hospital/Dispensary in any local area was appointed as a competent authority.

**10.** The Acts also further provides prohibition against the slaughter against the competent authority in Section 5. Section 5 reads thus;

***5. Prohibition against slaughter without certificate from Competent Authority:***

*(1) Notwithstanding any law for the time being in force or any usage to the contrary, no person shall slaughter or cause to be slaughtered any animal unless. he has obtained in respect of such animal a certificate in writing from the Competent Authority appointed for the area that the animal is fit for slaughter.*

*(1A) No certificate under sub-section(1) shall be granted in respect of-*

*(a) a cow:*

*(b) the calf of a cow, whether male or female and if male, whether castrated or not;*

*(c) a bull;*

*(d) a bullock;*

*(2) In respect of an animal to which sub-section (1A) does not apply, no certificate shall be granted under sub-section (1) if in the opinion of the Competent Authority-*

*(a) the animal, whether male or female, is useful or likely to become useful for the purpose of draught or any kind of agricultural operations:*

*(b) the animal if male, is useful or likely to become useful for the purpose of breeding:*

*(c) the animal, if female, is useful or likely to become useful for the purpose of giving milk or bearing offspring.*

*(3) Nothing in this section shall apply to-*

*(a) the slaughter of any of the following animals for such bonafide religious purposes, as may be prescribed, namely:-*

*(1) any animal above the age of fifteen years other than a cow, bull or bullock.*

*(b) the slaughter of any animal not being a cow or a calf of a cow, bull or bullock, on such religious days as may be prescribed:*
*Provided that a certificate in writing for the slaughter referred to in clause (a) or (b) has been obtained from the competent authority.*

*(4) The State Government may, at any time for the purpose of satisfying itself as to the legality or propriety of any order passed by a Competent Authority granting or refusing to grant any certificate under this section, call for and examine the records of the case and may pass such order in reference thereto as it thinks fit.*

*(5) A certificate under this section shall be granted in such form and on payment of such fee as may be prescribed.*

*(6) Subject to the provision of sub-section (4) any order passed by the Competent Authority granting or refusing to grant a certificate, and any order passed by the State Government under sub-section (4) shall be final and shall not be called in question in any Court.*

Section 6 provides Prohibition for slaughter of animals in places not specified for the purpose in which Section 6(A) and 6(B) are of relevance, which are reproduced here under;

***6A. Prohibition against transportation of specified animals for slaughter:***

*(1) No person shall transport or offer for transport or cause to be transported any animal specified in sub-section (1A) of section 5 from any place within the State to any another place within the State for the purpose of its slaughter in contravention of the provisions of this Act or with the knowledge that it will be or is likely to be so slaughtered:*

*Provided that a person shall be deemed to be transporting such animal for the purpose of slaughter unless contrary is proved thereto to the satisfaction of the concerned authority or officer by such person or he has obtained a permit under sub-section (2) for transporting animal for bona fide agricultural or animal husbandry purpose from such authority or officer as the State Government may appoint in this behalf.*

*2) (a) A person may make an application in the prescribed form to the authority or officer referred to in sub-section (1) for grant of permit (1A) of section 5 from any place within the State to any another in writing for transportation of any animal specified in sub-section place within the State.*

*(b) If, on receipt of any such application for grant of permit, such to the object of the Act, it may grant permit in such form and on authority is of the opinion that grant of permit shall not be detrimental payment of such fee as may be prescribed and subject to such conditions as it may think fit to impose in accordance with such rules as may be prescribed.*

*(3) Whenever any person transports or causes to be transported in contravention of provisions of sub-section (1) any animal as specified in sub-section (1A) of section 5, such vehicle or any conveyance used in transporting such animal alongwith such animal shall be liable to be seized by such authority or officer as the State Government may appoint in this behalf.*

*[(4)The vehicle or any conveyance so seized under sub-section(3)*

*shall stand forfeited to Government in the manner as may be prescribed.]*

***6B. Prohibition against selling or buying beef or beef products:***

*(1) No person shall directly or indirectly sell, keep, store, transport, offer or expose for sell or buy beef or beef products in any form.*

*(2) Whenever any person transports or causes to be transported the beef or beef products, such vehicle or any conveyance used in transporting such beef or beef products alongwith such beef or beef products shall be liable to be seized by such authority or officer as the State Government may appoint in this behalf*

*[(3) The vehicle or any conveyance so seized under sub-section(2) shall stand forfeited to Government in the manner as may be prescribed.]*

***8. Penalties:***

*(1) Whoever in contravention of the provisions of sub-section (1) of section 5, slaughters any animal without a certificate for which such certificate is required, shall, on conviction be punished with imprisonment for a term which may extend to one year and with fine which may extend to ten thousand rupees.*

*(2) Whoever in contravention of the provisions of sub-section (1) of section 5, slaughters any animal as specified in sub-section (1A) of sec-tion 5 shall, on conviction, be punished with imprisonment for a term which may extend to seven years but shall not be less than three years and with fine which may extend to fifty thousand rupees.*

*(3) Whoever contravenes the provisions of sections 6 shall, on conviction, be punished with imprisonment for a term which may extend to one year and with fine which may extend to ten thousand rupees.*

*(4) Whoever contravenes the provisions of section 6A or 6B shall, on conviction, be punished with imprisonment for a term which may extend to three years and with fine which may extend to twenty-five thousand rupees."*

**(૧૨)** ઉપરોકત કાયદાની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને આ કામના આરોપી સામે જે ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે, તે તહોમતને પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષ દ્વારા જે મૌખીક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે, તેને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદપક્ષ દ્વારા **સાહેદ નં. (૧) વિજયકુમાર મનસુખભાઈ દવેને આંક–૦૭ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા. ૨૯/૧૨/૧૩ ના રોજ તેઓ પ્ર.પાટણ પો.સ્ટે ખાતે હાજર હતા. ત્યારે બાતમીદારો દવારા બાતમી હકીકત મળેલ કે સીડોકર પાસેના અવાવરુ વિસ્તારમાં ગૌવંશની કતલ કરવાનુ ચાલુ હોય જેવી માહીતી મળતા તેઓ પો.સ્ટેથી સ્ટાફ સાથે રવાના થઈ રસ્તામા ગુડલક સર્કલ પાસેથી બે પંચના માણસને લઈ બાતમી વાળી જગ્યાએ જતા ત્યા એક લેમ્પ ચાલુ હોય અને આછુ એવુ અંધારુ હોય ત્યા પશુઓની કતલ થતી હોય તેવ જોવા મળેલ જેથી તેઓને જોઈએ આ કામ કરનાર ભાગી ગયેલા. પરંતુ સ્થળ પરથી ગૌવંશના અવશેષો જે આશરે બે હજાર કીલો જેટલા મળી આવેલ તેમજ જીવતા પશુ બળદ આશરે દસ પણ મળી આવેલ અને તેઓ પહોંચતા જે ભાગવા લાગેલા ત્યારે તેઓની સાથેના કોન્સ નંદલાલ તથા બીજા સ્ટાફ આ ભાગતા વ્યકિતઓ ઈસ્માઈલ ઉર્ફે કાલીયો રહેમાન કેશર તથા તેનો છોકરો રફીક વિગેરેનાઓ હતા. બાદમા તપાસ કરતા આ બન્ને વ્યકિતઓ મળી આવેલ અને તેની પાસેથી તેની સાથે કોણ કોણ હતા તેઓના નામ જાણવા મળેલા.

તપાસ ચાલુ હતી તે દરમીયાન આશરે ૧૪ આરોપીઓને પકડી નામ. કોર્ટમા રજુ કરેલા અને બાકી રહેલા ૩ આરોપીઓના કોર્ટમાથી ૭૦ નંબરનુ વોરન્ટ મેળવેલા. જે પૈકી એક આરોપી રહેમાન ઉર્ફે ફાસી તુરક હતો. વધુમા આ સાહેદના પુરાવા દરમ્યાન આંક–૮ થી ફરીયાદ, આંક–૦૯ થી ૧૮ સુધી પંચનામા રજૂ કરેલ છે. વધુમા આ સાહેદના પુરાવા મુજબ રેઈડ કર્યા બાદ મુદામાલ મળી આવેલ ત્યારે પશુ ચીકીત્સા અધિકારી શ્રી કચોટ તથા આર. વી. સોલંકીને સ્થળ ઉપર બોલાવતા સદર માંસ ગાય વર્ગનુ જણાવેલ. જેથી મુદામાલ કબજે લીધેલ.

(૧૩) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૨) ભાવેશભાઇ પુનાભાઇ વાળાએ આંક–૧૯ થી** એવો પુરાવો આપેલ છે કે, પાંચ–છ વર્ષ પહેલા પોલીસે સીડોકર મુકામે પંચનામામા બોલાવેલ હતા અને સીડોકર વાડી વિસ્તારમા ગયેલ હતા ત્યા કતલખાનુ હતુ અને બળદો હાજર હતા અને કાપેલી હાલતમા હતા અને જીવતા પણ હતા અને માંસ પણ હતુ તથા હથિયારો પણ હતા, જેથી પોલીસે તેઓની હાજરીમાં મુદામાલ કબજે કરી ડોકટર પાસે પરીક્ષણ કરાવેલ, જે બાબતનુ પંચનામુ કરવામાં આવેલ, તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે.

(૧૩.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓને જે. સી. બી. નો નંબર યાદ નથી. વધુમા જણાવે છે કે, આ ગામ બનાવની જગ્યાએથી એક થી દોઢ કી. મી. દુર છે. વધુમા એ હકીકત પણ કબુલ કરે છે કે,તેઓએ પંચનામામા સહી કરેલી ત્યારે આરોપી ત્યાં હાજર ન હતા.

(૧૪) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૩) ચંદુભાઇ નારણભાઇ વાળાએ આંક–૨૧ થી** પુરાવો આપીને આંક–૨૨ થી રજૂ થયેલ પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય પંચનામાની કાર્યવાહીને લેશમાત્ર સમર્થન કરેલ ન હોવાથી ફરીયાદપક્ષ દ્ધારા આ સાહેદને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરીને લંબાણપુર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ

છે, પરંતુ તે ઉલટતપાસથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવી શકેલ નથી.

(૧૫) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૪) મનીષકુમાર હસમુખરાય ઠાકરને આંક–૨૮ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે,સને–૨૦૧૩ મા પો. ઈ. તરીકે પ્ર. પાટણ પો. સ્ટે. માં ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૨૯.૧૨.૨૦૧૩ ના રોજ ક. ૨૦/૦૦ ની આસપાસ પી. એસ. આઈ. દવેનાએ જણાવેલ કે, તેમને સીડોકર ગામની કાદાના પા વિસ્તારમાં પશુની ગેરકાયદેસર કતલ ઈસ્માઈલભાઈ વિગેરે નામના વ્યકિત કરતા હોય તે અંગેની બાતમી મળેલ હોય, જે તેઓને જાણ કરેલ અને તેઓએ તેમને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવે.

**(૧૫.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓને કોઈ લેખિત જાણ કરવામાં આવેલ ન હતી. વધુમા એવી હકીકત પણ કબુલ કરે છે કે, તેમનુ કોઈ નિવેદન બાતમી બાબતે લેવામાં આવેલ નથી. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, ફરીયાદીની સત્તા અધિકારી તરીકે તેઓએ કોઈ નિમણુક કરેલ નથી.

(૧૬) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૫) ડો. કેશુરભાઈ હીરાભાઈ કચોટે આંક–૨૯ થી** એવો પુરાવો આપેલ છે કે, ગઈ તા.૨૯.૧૨.૨૦૧૩ ના રોજ પો. ઈ. પ્ર. પાટણ તરફથી ગૌવંશનો ગેરકાયદેસરનો જથ્થો મળી આવતા પ્રાથમીક રીપોર્ટ કરવા તેઓને યાદી મોકલેલ, જે યાદી આંક–૩૦ થી રજૂ છે. જે અન્વયે તા.૩૦.૧૨.૨૦૧૩ ના ના પત્રથી આ સંબંધેની તપાસણી અહેવાલ મોકલેલ, તે વખતે તેમની સાથે ડો. આર. બી. સોલંકી હાજર હતા, જેથી અહેવાલ આંક–૩૧ થી રજૂ છે. તેઓએ મૃત પશુઓના સેમ્પલ પરીક્ષણ અર્થે એફ. એસ. એલ. મા મોકલવાની કામગીરી કરેલ અને તે સંબંધેની યાદી મોકલેલ, જે આંક–૩૨ થી રજૂ છે. તેઓને તા.૩૦.૧૨.૨૦૧૩ ના પત્રથી દશ પશુઓને (બળદ) સારવાર કરી સર્ટીફીકેટ આપવા અને સદરહુ પશુ જીવ પાંજરાપોળ ખાતે સાર સંભાળ માટે મોકલાયાની પોલીસ યાદી મળેલ, જે આંક–૩૩ થી રજૂ છે. તેઓએ ઉપરોકત પત્ર અન્વયે દશ પશુઓને સારવાર આપેલ

અને તે સંબંધેનો રીપોર્ટ આપેલ, જે આંક–૩૪ થી રજૂ છે. તેઓએ પ્ર. પાટણ પો. સ્ટે. તા.૧૧.૦૯.૨૦૧૬ ના રોજ પાંજરાપોળ ઉંબા ખાતે રખાયેલ બળદ જીવ–૧ મરણ ગયા સંબંધે તેઓને મોકલાયેલ યાદી અન્વયે પી. એમ. કરી તેનો ફોરવર્ડીગ લેટર સાથે અહેવાલ પોલીસને મોકલી આપેલ, જે આંક–૩૫ થી રજૂ છે. તેઓની સાથે વેટરનીટી ડોકટર સોલંકીએ તા.૨૫.૦૧.૨૦૧૪ અને તા.૨૧.૦૧.૨૦૧૪ ના રોજ બે પશુ જીવ મૃત્યુ પામતા ઉંબા પાંજરા પોળમા પી. એમ. કરેલ, તે સંબંધેનો રીપોર્ટ આંક–૩૬ અને ૩૭ થી રજૂ છે.

**(૧૬.૧)** આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, કઇ તારીખે બનાવ બન્યો અને તેની કઇ તારીખે ફરીયાદ થઇ તે અંગેની જાતમાહીતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે પોલીસની કામગીરી હોય તેઓને અંગત જાતમાહીતી નથી. વધુમા આ સાહેદ આગળ એવી હકીકત કબુલ કરે છે કે, તેઓને પોલીસ તરફથી સદરહુ પશુઓની સારવાર કરવા પત્ર આપેલ અને તે અન્વયે કામગીરી કરેલ. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, સદરહુ બનાવમા પશુ કઇ જગ્યાએ અને કઇ રીતે મરણ પામેલ તે તેઓ ચોકકસ કહી શકે નહી. વધુમા આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, તેઓએ માંસનુ પરીક્ષણ કરી સેમ્પલ લઇ એફ. એસ. એલ. મા મોકલેલ તે સીવાય કોઇ કામગીરી કરેલ નથી. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, એફ. એસ. એલ. માંથી શુ રીપોર્ટ આવેલ તે અંગે તેઓને માહીતી નથી. વધુમા એવી હકીકત પણ કબુલ કરે છે કે, તેઓએ તેમની ફરજ અન્વયે કામગીરી કરેલ છે બનાવ વિશે તેઓને અંગત જાતમાહીતી નથી.

**(૧૭)** ફરીયાદપક્ષે **સાહેદ નં. (૬) વિજયકુમાર મનસુખભાઇ દવેને આંક–૪૦ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, ગઇ તા.૨૯/૧૨/૨૦૧૩ ના રોજ તેઓ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા તે દરમ્યાન બાતમીદારો દ્વારા બાતમી મળેલ કે, અમુક ઇસમો સીડોકર ગામની સીમમાં આવેલ કાદાની પા નામની સીમમાં

પશુઓની કતલ કરી રહયા છે. જેથી તેઓ સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાએ પહોંચેલા. ત્યાં જઈને જોયેલુ તો પશુઓની હત્યા થયેલ શીંગડા પડેલા હતા અને એક બળદ તાજો કાપેલો સ્થળ ઉપર પડેલો હતો જે તરફડીયા મારતી હાલતમાં જોવા મળેલ. આ સમયે તેઓ ત્યાં પહોંચેલા ત્યારે તેઓ અગાઉથી તેઓને જોઈ જતા ત્યાંથી ભાગી ગયેલા. આ ભાગતા આરોપીઓને તેઓની સાથેના કર્મચારીઓએ જોઇ જતા તેમાંથી એક ઇસમ ઇસ્માઇલ ઉર્ફે કાલીયો હોવાનું અને તેની સાથે તેનો દીકરો હોવાનું જણાવેલ. આ જગ્યાએ તેઓએ પંચોની હાજરીમાં સ્થળ પંચનામુ કરેલું. જે પંચનામુ આંક–૧૧ થી રજૂ છે. આ સ્થળ ઉપર માંસ અને હથીયારો પડેલા હોય તે તેઓએ સ્થળ ઉપરથી કબજે લીધેલા અને સાથે સ્થળ ઉપર રાખેલા અન્ય પશુ જીવો બળદ નંગ–૧૦ નાઓને કબજે લઇ પાંજરાપોળ મોકલવાની કામગીરી કરેલી અને સ્થળ ઉપર જે માંસ અને ચામડા અને શીંગડા પડેલા હતા તેના માટે પશુ ચીકીત્સક શ્રી વેરાવળ તથા સુપાસીનાઓને જાણ કરેલી અને તેઓ સ્થળ ઉપર આવી અને કપાયેલ માથા, હાડપીંજર અને માંસ નું પરીક્ષણ કરી આ માંસ, હાડપીંજર અને માથા ગૌવંશના હોવાનું જણાવેલું અને વધુ પરીક્ષણ માટે એફ.એસ.એલ., રાજકોટનાઓને બોલાવતા તેઓ સ્થળ ઉપર આવી ગયેલા. આ અંગે સ્થળ ઉપર પંચનામા કરેલ અને ત્યારબાદ આસપાસના લાગતા વળગતાઓના નીવેદનો લીધેલા અને આરોપીઓને અટક કરવાની તજવીજ કરતા તેઓ મળી આવતા તેને પંચો રુબરુ અટક કરેલા. આ અટક આરોપીઓની પુછપરછ કરતા તેઓએ અન્ય આરોપીઓની જાણ કરતા અન્ય આરોપીઓને અટક કરવા માટેની કામગીરી કરેલી અને તેઓને અટક કરેલ અને તે અંગેના પંચનામા કરેલ. આ પકડાયેલ આરોપીઓને નામદાર કોર્ટમાં સમય મર્યાદામાં રજુ કરેલા. આ કામની ફરીયાદ તેઓએ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં મોકલેલી અને પ્રભાસ પાટણ ગુના રજીસ્ટર નં. ૩.૧૩૧/૨૦૧૩ થી ફરીયાદ નોંધાયેલી. વધુમા આ સાહેદ આરોપીને ઓળખી બતાવે છે.

(૧૭.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે તેમજ ઝાખડાવાળી છે. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, આ વિસ્તારમાં સિંહનુ હલન ચલન હોય છે. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, આ વિસ્તારમા સીંહ રખડતા ઢોરોનુ મારણ કરે છે. આગળ એવી હકીકત પણ કબુલ કરે છે કે, માલીકીની વિસ્તારમા કોઈ ગાયનુ અથવા ઢોરનુ મારણ કમરેલ હોય તો ફોરેસ્ટ ખાતુ તેનુ વળતર આપે છે. આગળ એવુ પણ સ્વીકારે છે કે, પડતર વિસ્તારમા જો કોઈ સીંહ ગાયનુ અથવા ઢોરનુ મારણ કરે તો તેનુ વળતર આપવામાં આવતુ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, મારણ કરેલ પશુના અવશેષ સીંહ છોડીને જતા રહે છે. આગળ એવુ પણ કબુલ કરે છે કે, તેઓએ આરોપી ઈસ્માઈલ તથા તેનો દીકરો રહીમને અટક કરેલ તે સીવાય બીજા કોઈને અટક કરેલ નથી. આગળ એવી હકીકત સ્વીકારે છે કે, ત્યારબાદ કેટલા આરોપીઓના નામ ખુલેલ અને કોને અટક કરવામા આવેલ તે હાલ તેઓને યાદ નથી. વધુમા એવુ પણ સ્વીકારે છે કે, ફરીયાદ તેઓએ આપેલી અને તપાસ પણ તેઓએ કરેલી.

(૧૮) ફરીયાદપક્ષે **સાહેદ નં. (૭) માધવજીભાઈ હીરાભાઈ રાઠોડને આંક–૪૧ થી** તપાસવામાં આવેલા છે. તેઓએ એવો પુરાવો આપેલ છે કે, તેઓ સને–૨૦૧૩ મા હેડ કોન્સ. તરીકે પ્ર. પાટણ પો. સ્ટે. માં ફરજ બજાવતા હતા તે વખતે પી. એસ. આઈ. દવે રજા ઉપર હતા અને આ કામના આરોપી મુસા મહમદ બતક વિરૂધ્ધ ચાર્જશીટ કરવાનુ હોય, તેઓએ તા.૧૪.૧૨.૨૦૧૪ ના રોજ તેઓને અટક કરેલ અને તેનુ ચાર્જશીટ તા.૦૧.૦૧.૨૦૧૫ ના રોજ કરેલ. તેઓ સને–૨૦૧૩ મા જયારે રેઈડ થયેલી તે વખતે તેઓ રેડીંગ પાર્ટીમા હાજર હતા.

(૧૮.૧) આ સાહેદે બચાવપક્ષની ઉલટતપાસમાં એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓએ રહેમાનનુ ચાર્જશીટ કરેલ નથી. આગળ એવી હકીકત કબુલ કરેલ છે કે, તેઓ આરોપી રહેમાનને ઓળખતા નથી.

(૧૯) આમ, ફરીયાદપક્ષનો સમગ્ર કેસ જોવામાં આવે તો ફરીયાદીના પુરાવા મુજબ ગઇ તા.૨૯/૧૨/૨૦૧૩ ના રોજ તેઓ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા તે દરમ્યાન બાતમીદારો દ્વારા બાતમી મળેલ કે, અમુક ઇસમો સીડોકર ગામની સીમમાં આવેલ કાદાની પા નામની સીમમાં પશુઓની કતલ કરી રહયા છે. જેથી તેઓ સ્ટાફના માણસો સાથે બનાવવાળી જગ્યાએ પહોંચેલા. ત્યાં જઇને જોયેલુ તો પશુઓની હત્યા થયેલ શીંગડા પડેલા હતા અને એક બળદ તાજો કાપેલો સ્થળ ઉપર પડેલો હતો જે તરફડીયા મારતી હાલતમાં જોવા મળેલ. આ સમયે તેઓ ત્યાં પહોંચેલા ત્યારે તેઓ અગાઉથી તેઓને જોઈ જતા ત્યાંથી ભાગી ગયેલા. આ ભાગતા આરોપીઓને તેઓની સાથેના કર્મચારીઓએ જોઇ જતા તેમાંથી એક ઇસમ ઇસ્માઇલ ઉર્ફે કાલીયો હોવાનું અને તેની સાથે તેનો દીકરો હોવાનું જણાવેલ. આ જગ્યાએ તેઓએ પંચોની હાજરીમાં સ્થળ પંચનામુ કરેલું. આ સ્થળ ઉપર માંસ અને હથીયારો પડેલા હોય તે તેઓએ સ્થળ ઉપરથી કબજે લીધેલા અને સાથે સ્થળ ઉપર રાખેલા અન્ય પશુ જીવો બળદ નંગ–૧૦ નાઓને કબજે લઇ પાંજરાપોળ મોકલવાની કામગીરી કરેલી અને સ્થળ ઉપર જે માંસ અને ચામડા અને શીંગડા પડેલા હતા તેના માટે પશુ ચીકીત્સક શ્રી વેરાવળ તથા સુપાસીનાઓને જાણ કરેલી અને તેઓ સ્થળ ઉપર આવી અને કપાયેલ માથા, હાડપીંજર અને માંસ નું પરીક્ષણ કરી આ માંસ, હાડપીંજર અને માથા ગૌવંશના હોવાનું જણાવેલું અને વધુ પરીક્ષણ માટે એફ.એસ.એલ, રાજકોટનાઓને બોલાવતા તેઓ સ્થળ ઉપર આવી ગયેલા અને પકડાયેલ માંસ મટનનો જથ્થો ગૌવંશનુ હોવાનુ જણાવેલ. જેથી આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરેલ હોવાનો પુરાવો આપેલ છે. વધુમા આ સાહેદે આ ગુનાની તપાસ પણ કરેલ છે અને તપાસના કામે આરોપીઓને અટક કરેલ અને આરોપીઓની પુછપરછ કરતા હાલના આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલ હતા તેવી હકીકત જાણવા મળતા હાલના આરોપીને અટક કરવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ ફરીયાદી સાહેદના પુરાવા મુજબ જયારે તેઓએ રેઇડ પાડેલ હતી ત્યારે

આ કામના આરોપી બનાવ સ્થળે હાજર હોય કે તેઓએ કપાયેલ માંસની હેરાફેરી કરેલ હોય કે પશુની કતલ કરેલ હોય, તેવો કોઈ પુરાવો આ કામના સાહેદે આપેલ નથી. આમ, આ કામના આરોપીની સંડોવણી માત્ર આરોપીના નિવેદનના આધારે ખુલવા પામેલ છે અન્ય કોઈ પુરાવો આ કામના આરોપી સામે રેકર્ડ ઉપર આવી શકેલ નથી. વધુમા ફરીયાદપક્ષ દ્વારા અન્ય સાહેદોને તપાસવામાં આવેલા છે, તેઓએ પોતાના પુરાવામાં આ કામના આરોપીને બનાવ સ્થળે જોયેલ હોય કે આ કામના આરોપીએ પોતાના કબજામા માંસ–મટનનો જથ્થો રાખેલ હોય કે પશુની કતલ કરેલ હોય તેવો કોઈ જ પુરાવો આપેલ નથી. ત્યારે માત્ર આરોપીની કબુલાતના આધારે જ આ કામના આરોપી આ ગુનામાં સંડોવાયેલ છે, તેવુ માની શકાય નહીં. વધુમા આ કામે જે ફરીયાદ આપવામાં આવેલ છે, તે ફરીયાદમાં પણ આ કામના આરોપી બનાવ સ્થળે હાજર હોય કે રેડીંગ પાર્ટી દ્વારા જે રેઈડ પાડવામાં આવેલ હોય, ત્યારે તેઓ હાજર હોય કે તેઓને કોઈએ જોઈને ઓળખી બતાવેલ હોય, તેવો પણ કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવી શકેલ નથી અને તેથી પણ આ કામના આરોપી હાલના ગુનાના કામે સંડોવાયેલા છે, તેવુ માની શકાય નહીં.

(૨૦) ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાન લેતા, બનાવવાળી જગ્યાએથી જે ગૌવંશનો જથ્થો મળી આવેલ હતો, તેમાં આ કામના આરોપી સંડોવાયેલા હતા, તેવી કોઈ જ હકીકત ફરીયાદપક્ષ દ્વારા રજૂ થયેલ પુરાવાથી પુરવાર થતી નથી અને માત્ર આરોપીની કબુલાતના આધારે આ કામના આરોપી પણ આ ગુનામાં સંડોવાયેલ હતા, તેવુ માનીને આ કામના આરોપી સામેનો ગુનો પુરવાર થયેલો માની શકાય નહી. જેથી આ કામના આરોપી વિરૂધ્ધ પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૧) ની કલમ–૬ (ખ) મુજબનો ગુનો કરેલાની હકીકત પુરવાર થતી ન હોય, જેથી મુદા નં. (૧) નો નિર્ણય તે રીતે **નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદા નં. ૨ :</u>**

**(૨૧)** આ કામના આરોપી સામે ઇ. પી. કોડની કલમ–૨૯૫ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબના ગુનાનુ તહોમત મુકવામાં આવેલ છે, ત્યારે આ કલમની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે :–

> **295. Injuring or defiling place of worship, with intent to insult the religion of any class.**
>
> ***Injuring or defiling place of worship, with intent to insult the religion of any class.****-- Whoever destroys, damages or defiles any place of worship, or any object held sacred by any class of persons with the intention of thereby insulting the religion of any class of persons or with the knowledge that any class of persons is likely to consider such destruction, damage or defilement as an insult to their religion, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

**(૨૧.૧)** ઉપરોકત કલમ હેઠળનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે સાબિત કરવું જરૂરી છે કે (૧) ભારતના કોઈ નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવી છે અને (૨) આરોપીએ બોલેલા કે લખેલા શબ્દો દ્વારા અથવા સંકેતો દ્વારા અથવા શારીરિક રજૂઆત દ્વારા અથવા અન્ય કોઈ રીતે એવા કૃત્યો કર્યા છે અને તેનો ઈરાદો તે નાગરિકની ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડવાનો હતો.

**(૨૨)** હવે ફરીયાદપક્ષનો કેસ જોવામાં આવે તો આરોપીઓએ ગુનાહીત કાવતરુ રચીને ગેરકાયદેસર રીતે કતલખાનુ ચલાવી ગૌવંશ પશુ જીવ– ૯ ની કતલ કરી લોકોની ધાર્મીક લાગણી દુભાવી માંસ મટન તથા જીવના અવશેષો તથા ગોવંશના પશુની ચામડી તથા બળદ જીવને કતલ કરવાના ઈરાદે ક્રુરતા પુર્વક ખોરાક પાણી આપ્યા વગર બાંધી રાખી ગુનો કરવામાં આવેલ છે અને તે ગુનામાં આ કામના આરોપી પણ સંડોવાયેલ હતા. અહીં ફરિયાદમાં કે ચાર્જશીટમાં એવો કોઈ પણ ઉલ્લેખ નથી કે કોઈ ખાસ ધર્મના કોઈ વ્યક્તિએ આ ઘટના જોઈ હતી. વધુમા ફરીયાદપક્ષનો એવો પણ કેસ નથી કે, કોઈ વ્યક્તિ અથવા ભારતના નાગરિક દ્વારા આ ઘટનાને લઈને ફરિયાદ કરવામાં આવી હતી. જ્યાં

સુધી એવી કોઈ વ્યક્તિગત સાક્ષી ઉપલબ્ધ નથી કે જેમણે આરોપીએ ગાયનું માંસ રાખીને નાગરિકોની ધાર્મિક લાગણીઓને આઘાત પહોંચાડ્યો હોવાનું જણાવ્યું હોય, ત્યાં સુધી આ બાબતે આરોપી સામેનો ગુનો પુરવાર થઇ શકે નહી. તપાસ કરનાર અધિકારીએ પણ કલમ 295 હેઠળના ગુનાને સાબિત કરવા માટે કોઈ પણ પુરાવો રેકોર્ડ પર મૂક્યો નથી. પુરાવાના અભાવે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ 295 સાથે વાંચતા કલમ-૧૨૦(બી) હેઠળનો ગુનો સાબિત થતો નથી અને તેથી મુદા નં. (૨) નો નિર્ણય તે રીતે **નકારમાં** આપવામાં આવે છે.

**મુદા નં. ૩ :-**

**(૨૩)** આ કામના આરોપી સામે ઇ. પી. કોડની કલમ-૪૨૯ સાથે વાંચતા કલમ-૧૨૦(બી) મુજબના ગુનાનુ પણ તહોમત મુકવામાં આવેલ છે, ત્યારે આ કલમની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે :-

> **429. Mischief by killing or maiming cattle, etc., of any value or any animal of the value of fifty rupees.**
>
> *Whoever commits mischief by killing, poisoning, maiming or rendering useless, any elephant, camel, horse, mule, buffalo, buli, cow or ox, whatever may be the value thereof, or any other animal of the value of fifty rupees or upwards, shall be punished with imprisonment of either description for a term which may extend to five years, or with fine, or with both.*

**(૨૪)** ઉપરોકત કાયદાકીય જોગવાઇઓને ધ્યાનમાં રાખીને ફરીયાદપક્ષે એવુ સાબિત કરવાનુ રહે છે કે, આરોપીએ જાહેર અથવા કોઈ વ્યક્તિગત સંપત્તિને નુકસાન થયું છે. પરંતુ રેકર્ડ પર એવો કોઈ પુરાવો નથી કે કોઈ પશુ અથવા ઢોર કોઈ વ્યક્તિની માલિકીનું હતું, જેને આરોપીએ મારી નાખ્યું કે નુકસાન પહોંચાડ્યું હોય. ફરીયાદપક્ષનો કેસ માત્ર એટલો છે કે, બાતમીવાળી જગ્યાએથી ગૌમાંસ મળ્યું હતું. પરંતુ કોઈ પણ વ્યક્તિ અથવા માલિક દ્વારા એવો કોઈ વાંધો કે ફરિયાદ કરવામાં આવી નથી કે

તેની માલિકીના કોઈ પશુને મારી નાખવામાં આવ્યુ છે. જયાં સુધી કોઈ વ્યક્તિ દ્વારા પોતાના માલિકીના પશુના કતલ અથવા નુકસાન અંગે ફરિયાદ કરવામાં ન આવે, ત્યાં સુધી કલમ 429 ના આવશ્યક તત્ત્વો સાબિત થતા નથી. એટલું જ નહીં, કલમ 425 ના તત્ત્વો પણ સાબિત થતા નથી, કારણ કે કોઈ વ્યક્તિએ પોતાની માલિકીની સંપત્તિને નુકસાન થયું હોવાની કે કોઈ પશુની હત્યા અંગે કોઈ દાવો કર્યો નથી. આવા પુરાવાના અભાવે આરોપી સામે ફરીયાદપક્ષ ઇ. પી. કોડની કલમ–૪૨૯ સાથે વાંચતા કલમ–૧૨૦(બી) મુજબનો ગુનો પણ પુરવાર કરવામાં સફળ થતુ નથી અને તેથી મુદા નં. (૩) નો નિર્ણય તે રીતે **નકારમાં** આપવામાં આવે છે.

**મુદા નં. ૪ :–**

**(૨૫)** આ કામના આરોપી સામે ફરીયાદપક્ષનો એવો પણ આક્ષેપ છે કે, બાતમીવાળી જગ્યાએથી ગૌમાંસ જપ્ત કરવામાં આવ્યું હતું અને તેમ કરીને આરોપીએ પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ– ૧૧ (એફ)(એસ) (એલ) મુજબનો ગુનો કરેલ છે. હવે કલમ–૧૧ (એફ)(એચ)(એલ) ની જોગવાઇઓ ધ્યાને લેવામાં આવે તો તેમાં પ્રાણીને ક્રુરતાપુર્વક બાંધી રાખીને, ખોરાક કે પાણીની કોઇ વ્યવસ્થા ન કરીને, સ્ટ્રિક્નાઇન ઈન્જેક્શન હૃદયમાં આપી અથવા અન્ય કોઈ અનાવશ્યક ક્રૂર રીતથી કોઈ પ્રાણીને વિકૃત કરવું અથવા મારી નાખવાનું ગુનાહિત કૃત્ય છે. તેથી ફરીયાદપક્ષે યોગ્ય શંકાથી પર સાબિત કરવું ફરજિયાત હતું કે આરોપીએ ઇન્જેક્શનનો ઉપયોગ કર્યો હતો. પરંતુ આ કેસમાં ઈન્જેક્શનના ઉપયોગ અંગે કોઈ પુરાવો રજૂ કરવામાં આવ્યો નથી તેમજ આરોપી પાસેથી કોઈ ઈન્જેક્શન પણ જપ્ત કરવામાં આવ્યું નથી તેમજ તેવા કોઇ પુરાવો પણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી કે જેથી કરીને માની શકાય કે આરોપીઓએ પ્રાણીઓને ક્રુરતાપુર્વક બાંધી રાખીને ગુનો આચરેલ હતો. ફરિયાદમાં પણ માત્ર બાતમીવાળી જગ્યાએથી ગૌવંશનું માંસ–મટનનો જથ્થો મળી

આવેલાનો આક્ષેપ છે. ક્રૂરતા સંબંધિત કોઈ પુરાવાના અભાવના કારણે આ અદાલત આ કલમ હેઠળ આરોપીને તકસીરવાન ઠરાવી શકતી નથી. માત્ર એટલા આધારે અનુમાન લગાવી શકાય નહીં કે ગાયનું માંસ કબજામાં રાખવામાં આવ્યું એટલે ગાયને ઇન્જેક્શન કે અન્ય ક્રૂર રીતે મારીને મેળવવામાં આવ્યું હશે. જેથી આ કામના આરોપીએ કલમ–૧૧(એફ) (એચ)(એલ) મુજબનો પણ કોઈ ગુનો કરેલ હોય તેવી હકીકત પણ સાબિત થતી નથી અને તેથી મુદા નં. (૪) નો નિર્ણય તે રીતે **નકારમાં** આપવામાં આવે છે.

**(૨૬)** આમ, ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપી સામેનો કોઇ જ ગુનો પુરવાર થતો ન હોય, જેથી આરોપીને શંકાનો લાભ આપીને છોડી મુકવા હુકમ કરવો જરૂરી જણાતો હોય, મુદા નં. (૫) અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **:: આખરી હુકમ ::**

**(૧)** આ કામના આરોપી રહેમાન ઉર્ફે ફાસી અલીભાઇ ગોરી તુરકને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ઇ. પી. કોડની કલમ–૨૯૫,૪૨૯, ૧૨૦(બી) તથા પશુ સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ (સુધારા અધિનિયમ–૨૦૧૧) ની કલમ–૫(૧)(ક), ૬(ખ), ૮(૨) (૪), ૧૦ તથા પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ ની કલમ–૧૧ (એફ)(એચ)(એલ) ના ગુનામાંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ અપીલ પીરીયડના રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામા આવેલ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

આ ચુકાદો આજરોજ તારીખ :૦૮મી , માહે--ઓગષ્ટ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૦૮.૦૮.૨૦૨૬
સ્થળ-વેરાવળ

**(વિક્રમસિંહ ગોહિલ)**
સેશન્સ જજ
ગીર સોમનાથ, વેરાવળ
કોડ નં. જીજે૦૧૦૪૨